# હરસોલ સેવા સહકારી મંડળીના નવા મકાનનું ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો

તલોદ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના હરસોલ ગામની સેવા સહકારી મંડળીના પોતાની માલીકીના નવા મકાનનો ઉદ્‌ઘાટન સમારોહ પંથકના સેંકડો પ્રજાજનો અને અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. આ મંડળીમાં પોતાની ફરજ કાળના ૪૫ વર્ષ વટાવી ચુકેલા અને મેનેજરપદેથી નિવૃત્ત થયેલા હાફીજજીનો વિદાય સમારોહ પણ આ સાથે આયોજીત કરવામાં આવ્યો હતો.

હરસોલ ગૃપ સેવા સહકારી મંડળીના ચેરમેન વાડીભાઈ પટેલ અને પૂર્વ ચેરમેનશ્રીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા આ સમારોહના પ્રમુખસ્થાને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે સાબરકાંઠા જિલ્લા સહકારી બેન્કના ચેરમેન અમીચંદભાઈ પટેલે દિપ પ્રગટાવી-રિબીન કાપી શુભારંભ કર્યો હતો.

વર્ષે અંદાજીત રૂ. ૧૦ કરોડનું ટર્નઓવર કરતી આ મંડળીમાં ૪૪ વર્ષ પહેલા ગામના સિદીકભાઈ ડી. વ્હોરા ઉર્ફે હાફીજજીભાઈ એક બીલ ક્લાર્ક તરીકે જોડાયા હતા. માત્ર ૪ ધોરણ ભણેલા આ બુઝર્ગે કેટલાક વર્ષોથી અહિં મેનેજર તરીકેનો પણ સફળ કાર્યભાર સંભાળ્યો હતો. કોમી રમખાણોમાં અનેક વખત મંડળીના રેકર્ડ તથા માલ સહિતના સરસામાનને તોફાની ટોળાએ આગ લગાવી દીધી હતી. છતાં મંડળીને તેઓએ પુનઃ બેઠી કરીને પંથકના પ્રજાજનોની સેવા-સુવિધામાં ઉણપ રાખી ન હતી. જે બધા પાસાઓને કેન્દ્રસ્થાને રાખી આજે નિવૃત્તિ વય મર્યાદાના સમયે મંડળી તરફથી રૂ. ૫૧૦૦૦નો પુરસ્કાર મંડળીના ચેરમેન નવનીતભાઈ (વાડીભાઈ) પટેલે અર્પણ કર્યો હતો. તેમજ રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા, પૂર્વ કૃષિ મંત્રી ગોવિંદભાઈ પટેલ તથા ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા સહિતના સંખ્યાબંધ મહાનુભાવોએ તેઓનું ફુલહાર કરી શાલ ઓઢાડી શાનદાર સન્માન કર્યું હતું.

સમારંભ પ્રમુખ અને ઉદ્‌ઘાટકપદેથી બોલતા વિપક્ષી નેતા વાઘેલાએ સહકારી પ્રવૃત્તિઓને વેગ આપવા હિમાયત કરીને વર્તમાન સરકારના 'ગોબેલ્સ પ્રચાર'થી અંજાઈ નહિ જવા સંદર્ભની શીખ આપી હતી. ગાંધીનગરની મુલાકાતે આવેલા અમેરિકન રાજદૂત નેન્સી પોવેલ સહિતના મુલાકાતીઓની ટીમને મુલાકાત આપી, રાજ્ય સરકારની હકિકતો આવેલ રાજદૂત સમક્ષ રજૂ કરી, શ્રી વાઘેલા સીધા ઉક્ત સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ 'અમેરિકન રાજદૂતની મુખ્યમંત્રી સાથેની મુલાકાતને વિઝા માટેની મુલાકાત હોવાના ભ્રામક પ્રચાર'ની આકરી ટીકા કરી હતી.

ઉપસ્થિત મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચનો કરી સહકારી ક્ષેત્રે આ મંડળીના યોગદાનની સરાહના કરી હતી અને તે માટે યોગદાન આપી ચુકેલા પૂર્વ સરપંચ રાજુભાઈ રાવલ, પૂર્વ ચેરમેન વિનુભાઈ પટેલ (વાવ) તથા નામી-અનામી સૌ કોઈને લાગણીને બિરદાવી હતી.


(તસવીર : દશરથ વણઝારા, તલોદ)



# ડીસામાં તલાટી પરીક્ષા છબરડામાં વિદ્યાર્થી અટવાયા

ડીસા, તા.૧૬

આજે બનાસકાંઠાના ડીસામાં લેવાઈ રહેલી તલાટીઓની લેખિત પરીક્ષામાં એક પરીક્ષા કેન્દ્રનાં સરનામાંનો છબરડો પ્રકાશમાં આવેલ છે. જેમાં પરીક્ષા કેન્દ્ર ડી.એન.જે. આદર્શ પ્રાથમિક શાળાના સરનામાં માં શાળાથી ગામના છેડે અઢી કિલોમીટર દુરનો રેલવે સ્ટેશન વિસ્તાર રોડ એવો ઉલ્લેખ કરાતા દુર દુરથી આવેલા વિદ્યાર્થીઓ અટવાયા હતા અને રેલવે સ્ટેશન વિસ્તારમાં પહોંચી શાળા શોધવા ફાંફાં મારતા અને પરીક્ષા સમય પણ શરુ થતા ભારે અફરા તફરી મચી હતી.

રાજયના મહેસુલી વિભાગ દ્વારા ૧૫૦૦ જેટલા મહેસૂલી તલાટીઓની ભરતી કરવાનો નિર્ણય લીધો છે. આ માટે આજ રોજ ૧૬મીને રવિવારના પરિક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ થાય તે માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરુ કરવામાં આવી હતી. જેમાં બનાસકાંઠાના ડીસામાં યોજાયેલ પરિક્ષામાં એક ગંભીર પ્રકારનો પરીક્ષા કેન્દ્ર સરનામામાં વિસંગતતા ઉભી થતા જિલ્લાના અન્ય ગામોમાંથી આવેલા વિદ્યાર્થી અટવાયા હતા કેમ કે ભરતી સમિતિ મહેસુલ વિભાગ ગાંધીનગર દ્વારા તલાટીઓની સીધી ભરતીમાં ઉમેદવારોને સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા માટે જે પ્રવેશ પત્ર અપાયું હતું. તેમાં પરીક્ષા કેન્દ્ર અને સરનામાંની કોલમમાં 'શ્રી ડી.એન. જે. આદર્શ પ્રાથમિક વિભાગ રેલવે સ્ટેશન રોડ ડીસા' એવું દર્શાવવામાં આવ્યું હતું. જેથી દુર દુરથી આવતા વિદ્યાર્થી સીધા રેલવે સ્ટેશન ડીસા પહોંચ્યા હતા અને તેમના પરીક્ષા કેન્દ્રને શોધવા ભારે દોડધામ મચાવી હતી. જો કે આવી કોઈ જ સ્કુલ અમારા વિસ્તારમાં નથી તેવું સ્થાનિકોએ જણાવતા આ વિદ્યાર્થીઓના જીવ પડીકે બંધાયા હતા અનેકો વિદ્યાર્થી આ કેન્દ્ર શોધવા જતા ઘડીયાના કાંટા પરીક્ષા નં નિર્ધારિત સમય ૧૨-૦૦ કલાક સુધી પહોંચતા તેમની સમસ્યા વધુ જટિલ બની હતી અને મોડે મોડે અનેકોની પુછપરછ બાદ આ શાળા શહેરની મધ્યમાં અઢી કિલોમીટર દુર હોવાનું માલુમ પડતા આવા અનેકો વિદ્યાર્થી જે હાથમાં આવ્યું તો સાધન ભાડે કરી સમયસર સ્કુલમાં પરીક્ષા આપવા દોડતા જોવા મળ્યા હતા જેનાથી રિક્ષા ચાલકોને તડાકો પયો હતો.


આ છબરડો સ્થાનિક ડીસા તાલુકા શિક્ષણ અધિકારી અશ્વિનભાઈ પટેલની તપાસમાં પણ બહાર આવ્યો હતો અને તેમને મળેલ ફરિયાદ બાબતે તપાસ હાથ ધરી જણાવેલ કે 'ડીસા ડી.એન.જે. આદર્શ પ્રાથમિક વિભાગનાં પરિક્ષા કેન્દ્રનાં સરનામાંમાં રેલવે સ્ટેશન રોડ લખેલું છે આ ભૂલ દેખાય છે પરંતુ તેનાથી કોઈ પરીક્ષાર્થી હાલની લેવાઈ રહેલ પરીક્ષામાં ગેરહાજર થયેલ નથી.' તેવું જણાવ્યું હતું.

જયારે આ ભરતી યોજનાર સભ્ય સચિવ ભરતી સમિતિ મહેસુલ વિભાગનાં આ ઓન રેકર્ડ છબરડાના ભોગ ઉમેદવારો બન્યા હતા અને ૩૫૦ જેટલા ઉમેદવારો કલાકોની રઝળપાટ બાદ પરીક્ષા કેન્દ્રે પહોંચતા તેમને 'વાય શુડ બી લેટ' નો ખુલાસો આપવો પડયો હતો.

જેમાં પ્રિક્ષાર્થી એવા અશ્વિન પરમાર અને દેસાઈ સવદાસભાઈએ જણાવેલ કે પરીક્ષા કેન્દ્રના એડ્રેસવાળી જગ્યા રેલવે સ્ટેશન રોડ પર અમને પરીક્ષા કેન્દ્ર નહિ માત્ર રેલવેના પાટા દેખાયા હતા અમારા જેવા ૩૫૦ જેટલા વિદ્યાર્થી આ ભૂલથી અટવાયા હતા અને તંત્રની આ ભૂલે મોડું થતા પરિક્ષામાં પ્રવેશ પણ આપતા ન હતા તેમજ મોડેથી પ્રવેશ મળતા લેખિત પરીક્ષામાં અમને માંડ અડધો કલાક જ સમય ઉત્તરો લખવામાં મળ્યો હતો તેવું જણાવી પોતાનો રોષ ઠાલવ્યો હતો.

આમ, આજ રોજ યોજાયેલી આ તલાટી લેખિત પરીક્ષામાં સભ્ય સચવ ભરતી સમિતિ મહેસુલ વિભાગની કહેવાતી ભૂલ બહાર આવતા અને અનેકો વિદ્યાર્થી આ ભૂલથી પરીક્ષા ખડમાં મોડા પહોંચતા તેમની આ નોકરી માટેની ઉજળી તક એળે જાય તેવી સ્થિતિ નિર્માણ પામતા રોષ જોવા મળેલ છે.





(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# પાલનપુર હાઈવે પરની યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડીયાના એ.ટી.એમ. ચોરીનો નિષ્ફળ પ્રયાસ

## અજાણ્યા તસ્કરોએ એ.ટી.એમ.માં કરી તોડફોડ : કેશ હાથ ન લગતા રૂ. ત્રણ લાખની રકમ રહી સલામત

પાલનપુર, તા.૧૬

સરહદી બનાસકાંઠા જિલ્લામાં ઘરફોડ અને વાહન ચોરી બાદ હવે તસ્કરો એ.ટી.એમ. ચોરીનો કસબ અજમાવી રહ્યા છે. જિલ્લા મુખ્યાલય પાલનપુરના અમદાવાદ હાઈવે પર આવેલી યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયાના એટી.એમ.માં તસ્કરો ત્રાટકયા હતા. જેઓએ ચોરીનો નિષ્ફળ પ્રયાસ કરતા નિષ્ફળ પ્રયાસ કરનાર તસ્કરો એ.ટી.એમ. તોડવા માટે લાવેલી એક કોશ અને ત્રણ ડીસમીસ મુકી નાસી છુટયા હતા જેના પગલે એ.ટી.એમમાં રહેલી રૂ. ત્રણેક લાખની રોકડ રકમ સલામત રહી જવા પામી હતી.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ઘટનાની જાણ થતા એસ.ઓ.જી. અને એલ.સી.બી. પોલીસ ડોગ સ્કવોડ અને એફ.એસ.એલની ટીમ સાથે દોડી આવી હતી. જેઓએ બેંકના મેનેજર લોકેશ ચકચાર મચી જવા પામી હતી.

પાલનપુર શહેરના અમદાવાદ હાઈવે પર યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડીયા આવેલી છે. જે બેંકના એ.ટી.એમ.માં તસ્કરો ત્રાટકયા હતા. જેઓએ બેંકના એ.ટી.એમ. મશીન સાથે તોડફોડ કરી ચોરીનો પ્રયાસ કર્યો હતો. જો કે, તેઓને કેશ હાથ ન લાગતા ચોરીનો અગ્રવાલની ફરીયાદના આધારે અજાણ્યા તસ્કરોનું પગેરૂ મેળવવાના ચક્રો ગતિમાન કર્યા હોવાનું ઈ.ચા.પી.આઈ. આર.સી. વ્યાસે જણાવ્યું હતું. જો કે બેંક અને એ.ટી.એમ.ના સી.સી.ટીવી કેમેરા ચાલુ હોઈ ચોરીનો નિષ્ફળ પ્રયાસ કરનાર તસ્કરો ઝડપાઈ જશે તેવો આશાવાદ પોલીસ સેવી રહી છે.

# ખેડબ્રહ્મામાં મહેસુલી તલાટીની પરીક્ષા માટે વિદ્યાર્થીઓ ઉમટયા


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા, તા.૧૬

ગુજરાત સરકાર દ્વારા રવિવારના દિવસે લેવાયેલ મહેસુલી તલાટીની પરીક્ષા યોજાઇ હતી જેમાં ખેડબ્રહ્મા શહેરના સેન્ટરો પર વહેલી સવારથી જ વિદ્યાર્થીઓ અને વાલીઓના ટોળેટોળા ઉમટી પડયા હતા. વિદ્યાર્થીઓ દ્વારા શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપાઈ હતી અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તંત્ર દ્વારા સઘન વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

ખેડબ્રહ્માની શાળાઓની આજુબાજુ આવેલ બસો મીટરની ત્રિજયામાં ટોળે ટોળા ઉમટી પડતા કલેકટરના જાહેરનામાનો ભંગ કરતા દશ્યો જોવા મળ્યા હતા.

# બનાસડેરીના આદ્યસ્થાપક સ્વ. ગલબાભાઈ નાનજીભાઈ પટેલની ૯૬મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૧૬

બનાસડેરીના આદ્યસ્થાપક દિવંગત ગલબાભાઈ નાનજીભાઈ પટેલની ૯૬મી જન્મતિથીની ઉજવણી તા. ૧૫-૨-૨૦૧૪ના રોજ બનાસ ડેરીમાં કરવામાં આવી હતી. બનાસ ડેરીના ચેરમેનશ્રી પરથીભાઈ ભટોળે સ્વ. ગલબાભાઈ નાનજીભાઈ પટેલની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી, વંદના સાથે પુષ્પાંજલી અર્પી હતી. આ પ્રસંગે ઓએસડી (કોમર્સ) શ્રી એન.કે. દધિચ તથા વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલા અધિકારીગણ, કર્મચારીઓ તેમજ તાલિમાર્થીઓએ પુષ્પાંજલિ અર્પી હતી.

બનાસડેરીના ચેરમેનશ્રી પરથીભાઈ ભટોળે દિવંગત ગલબાભાઈ નાનજીભાઈ પટેલની ૯૬મી જન્મજયંતીની ઉજવણી પ્રસંગે સંદેશ આપતાં જણાવ્યું હતું કે આપણી ડેરીની સ્થાપના એક મહાન વિભુતિ શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલે નાના પાયે કરી હતી ત્યારે ઘણી મુશ્કેલીઓ હતી, તે ડેરી આજે વટવૃક્ષ સમાન બની છે, જેની ગણના વિશ્વ સ્તરે થાય છે. બનાસ ડેરીએ આદ્ય સ્થાપક સ્વ. ગલબાભાઈનું સ્વપ્ર 'મારા જિલ્લાના છેવાડાના ગામમાં રહેતી વિધવા બેન પણ દાતરડાના હાથા પર સ્વમાનભેર જીવન ગુજારી શકે તેવા ધંધા વિકસાવવા છે.' તે સાર્થક કરી ઉત્તરોત્તર પ્રગતિ કરી છે. આ ડેરીની પ્રગતિ જોઈ તેમના આત્માને શાંતિની અનુભૂતિ થતી હતી. આજના પ્રસંગે આ પવિત્ર ડેરીમાં નિષ્ઠાથી ઉત્સાહપૂર્વક કાર્ય કરવાની તથા સમાજને વધુને વધુ મદદરૂપ બનીએ તેવી પ્રતિજ્ઞા લઈએ અને તેમના આશીર્વાદ હંમેશા આપણને મળતા રહે તેવા કાર્યો કરવાનો અનુરોધ કર્યો હગતો.

# પૂરપાટ વેગે દોડતી ટ્રકે પલટી ખાતા એક લાખનું તેલ ઢોળાયું

## બેફામ ગતિએ ટ્રક હંકારતા ટ્રક ડિવાઈડર પર ચઢીને પલટી ખાઈ ગઈ હતી

હિંમતનગર, તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકામાં આવેલ રાયગઢ ગામની સીમમાં એક ટ્રક ડ્રાઈવરે બેફામ ગતિએ ટ્રક હંકારતા ટ્રક ડિવાઈડર પર ચઢીને પલટી ખાઈ ગઈ હતી. ટ્રક પલટી ખાઈ જતા આશરે રૂપિયા એક લાખનું તેલ ઢોળાઈ જવાની ફરિયાદ ગાંભોઈ પોલિસ સ્ટેશને નોંધાઈ હતી.

રાયગઢ ગામની સીમમાં વહેલી પરોઢના સાડા ત્રણ વાગે પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના વેજલપુરના રહેવાસી ટ્રક ડ્રાઈવર ભીખાભાઈ પૂંજાભાઈ પટેલે પોતાના કબજાની ટ્રક નંબર જીજે ૬ એકસ એકસ ૧૭૨૯ને પૂરપાટ વેગે હંકારતા ટ્રક ડીવાડર પર ચઢી જવાથી પલટી ખાઈ હતી અને તેમાં ભરેલા તેલના ડબ્બાઓ પૈકી ૫૦ થી ૬૦ ડબ્બાઓ તુટી જતા આશરે રૂપિયા એક લાખનું તેલ ઢોળાઈ ગયું હતું. આ અંગે ગોધરા રાણી મસ્જિદ પાસે રહેતા જાવેદભાઈ ઈસ્માલભાઈ દુર્વેશે ગાંભોઈ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ટ્રક ડ્રાઈવર વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોડાસા માર્કેટયાર્ડમાં ૩ ડીરેક્ટરોએ અડધીરાત્રે છાપો મારી તપાસ ચલાવી

## માર્કેટયાર્ડના સત્તાધીશોએ 3 ડિરેક્ટર વિરૂદ્ધ પોલીસ ફરીયાદ કરવા તજવીજ હાથ ધરી

મોડાસા, તા. ૧૬

મોડાસા માર્કેટયાર્ડમાં રાત્રીના સમયે ચાલતી ગેરરીતિઓની તપાસ માટે ૩ ડિરેક્ટરોએ અડધી રાત્રે છાપો મારી અમુક વાહનોની હવા કાઢી નાખી ચેરમેનની ચેમ્બરમાં લોખંડની જાળી ખડકી દેતા હંગામો મચ્યો છે. જ્યારે બીજી બાજુ માર્કેટના સત્તાવાળાઓએ ૩ ડિરેક્ટરોના આ કૃત્ય સામે ચોકીદારની લેખીત ફરિયાદ લઈ પોલીસ ફરિયાદ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મોડાસા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચૂંટાયેલા ડિરેક્ટરો પંકજ પટેલ, અશોક પટેલ તથા નારણભાઈ પટેલે ઓચિંતો રાત્રીના ૧૨ વાગે અને ત્યાર બાદ ૧ વાગ્યાના ગાળામાં અચાનક માર્કેટમાં ચાલતી ગેરરીતિ પકડવા માટે છાપો માર્યો હતો. જેમાં કયા ગેટ પર કોણ છે તેની તપાસ હાથ ધરી માર્કેટમાં પાર્ક કરેલી ૭ વાહનોની હવા કાઢી નાખી હતી અને જાહેર હરાજી સ્થળના શેડ નીચે મુકવામાં આવેલ ડાંગરના કોથળા બાળી નાખવાનો આદેશ કર્યો હતો. બાદમાં લોખંડના દરવાજાની બે જાળી ચોકીદારો પાસે ઉઠાવી ચેરમેનની ચેમ્બરના તાળા ખોલી તેમની ખુરશી તથા ટેબલ પર મુકી દેતા હંગામો મચી ગયો હતો. રાત્રે ચાલેલા આ અરવિંદ કેજરીવાલના કાનૂન મંત્રીની સ્ટાઈલના છાપા બાદ સવારના હંગામો મચી ગયો હતો અને રાત્રે ફરજ બજાવતા ચોકીદારો ગભરાઈ ગયા હતા અને લેખિતમાં તમામ બાબતની જાણ કરતો પત્ર ચેરમેન તથા સેક્રેટરીને આપ્યો હતો જેમાં આવક માર્કેટના ચેરમેન ચંદુલાલ પટેલે તથા સેક્રેટરીએ ૩ ડીરેક્ટરોની આ કૃત્ય સામે પોલીસ ફરિયાદ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# ખેડબ્રહ્મા નિવૃત્ત કર્મચારી મંડળના હોદ્દેદારો વરાયા

ખેડબ્રહ્મા, તા.૧૫

ખેડબ્રહ્મા નિવૃત્ત કર્મચારી મંડળની કારોબારીની મીટીંગ મંડળના પ્રમુખ કીર્તીકુમાર યુ. જોષીના અધ્યક્ષસ્થાને સંતોકબા સેનીટોરીયમમાં મળી હતી. જેમાં મંડળના ઉપપ્રમુખની ખાલી પડેલ જગ્યાએ વોરા ઈન્દ્રવદન લલ્લુરામ તથા પ્રચાર મંત્રી તરીકે નારાયણભાઈ પટેલની વરણી કરવામાં આવી હતી. સભામાં મંડળના પ્રમુખ કીર્તીકુમાર જોષીએ પ્રગતિની રૂપરેખા તથા મંત્રી છત્રસિંહ સોલંકીએ મંડળનો અહેવાલ રજુ કર્યો હતો. નવા વરાયેલા હોદ્દેદારોને મંડળના સભ્યોએ બિરદાવ્યા હતા.


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ગુજરાત સરકાર દ્વારા રેવન્યુ તલાટીની ભરતી સંદર્ભની લખિત પરિક્ષામાં જુદા જુદા કેન્દ્રો ફાળવવામાં આવતા આથી અંતરિયાળ વિસ્તારના પરીક્ષા કેન્દ્રો શોધવામાં ઉમેદવારો અને વાલીઓને ભારે કસરતો કરવી પડી હતી. અસંખ્ય કેન્દ્રોની અવ્યવસ્થાના કારણે ઉમેદવારો હાલાકીમાં ધક્કે ચઢયા હતા. આથી ઉમેદવારોએ રોષ વ્યકત કર્યો હતો.

# ધનસુરા તાલુકા ભાજપની બેઠક

ધનસુરા, તા.૧૫

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના ભાજપના કાર્યકરોની બેઠક તાલુકા પંચાયતના હોલમાં યોજાઈ હતી. આ બેઠકમાં અરવલ્લી જિલ્લાના પ્રભારી હર્ષદગિરી ગોસ્વામી તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ ભરતસિંહ રહેવરે કાર્યકરોને સંબોધ્યા હતાં. આ બેઠકમાં પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, તાલુકા ભાજપ પ્રમુખ અનિલ પટેલ, બાયડના પૂર્વ ધારાસભ્ય ઉદેસિંહ ઝાલા સહિત અનેક ભાજપી આગેવાનો હાજર રહ્યા હતા. આ બેઠકમાં કાર્યકરોને ખભેખભા મિલાવી લોકસભાની ચૂંટણીઓ માટે કામે લાગી જવા પ્રોત્સાહિત કરાયા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન